**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૯ ટકા

# આજે માઘ પૂર્ણિમા અને રવિ પુષ્ય યોગ

## સનાતન ધર્મમાં માઘ માસનો અનેરો મહિમા : પૂર્ણિમાના દિવસે ભગવાન વિષ્ણુની સાથે દેવી લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે



ગાંધી.તા.૦૪

સનાતન ધર્મમાં માઘ માસનો અનેરો મહિમા રહેલો છે. માઘ મહિનાની પૂર્ણિમાનું ધાર્મિક મહત્વ વિશેષ માનવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, ૨૭ નક્ષત્રોમાંના એક મઘા નક્ષત્રના નામ પરથી માઘ પૂર્ણિમાનો ઉદ્ભવ થયો છે. પૌરાણિક કથાઓ અનુસાર, માઘ મહિનામાં, દેવતાઓ પૃથ્વી પર આવે છે અને પવિત્ર નદીઓમાં સ્નાન, દાન અને જપ કરવા માટે માનવ સ્વરૂપ લે છે. આ દિવસે ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે, આ દિવસે જે ભક્તો શ્રી હરિની પૂજા વિધિ કરે છે તેમની તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે. શાસ્ત્રોમાં લખેલા કથનો અનુસાર માઘ પૂર્ણિમાના દિવસે પુષ્ય નક્ષત્ર હોવાથી આ તિથિનું મહત્વ અનેકગણું વધી જાય છે. આ વર્ષે માઘ પૂર્ણિમા ૦૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ રવિવાર નાં રોજ છે. માઘ પૂર્ણિમાના દિવસે આ કાર્યો શુભ માનવામાં આવે છે. માઘ પૂર્ણિમાના દિવસે ઘરમાં તુલસીનો છોડ લગાવવો શુભ માનવામાં આવે છે અને તુલસીની પૂજા કરવી જોઈએ અને ઘીનો દીવો કરવો જોઈએ. તેનાથી માતા લક્ષ્મી પ્રસન્ન થાય છે અને તમારી મનોકામના પૂર્ણ ફળિભૂત થાય છે. માઘ પૂર્ણિમાના દિવસે ભગવાન વિષ્ણુની સાથે દેવી લક્ષ્મીની પૂજા કરવી. પૂજા કરતા પહેલા એક સોપારીમાં રક્ષા સૂત્ર બાંધી, તેના પર ચંદન લગાવો. પૂજા પછી આ સોપારીને તિજોરીમાં રાખો. આના કારણે ક્યારેય પૈસાની અછત નહીં થાય. માઘ પૂર્ણિમાના દિવસે દેવી લક્ષ્મીની કૃપા મેળવવા માટે કનકધારા સ્તોત્ર અથવા શ્રી સૂક્તનો પાઠ કરો. તેનાથી દેવી લક્ષ્મીની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે. માઘ પૂર્ણિમાની રાત્રે ગંગાજળમાં સાકર મિશ્ર કરીને ચંદ્રને ખીર અર્પણ કરો. દેવી લક્ષ્મીને ખીર પણ ચઢાવી શકાય છે. આમ કરવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ બની રહે છે.

**માઘ પૂર્ણિમાના દિવસે આ કાર્યો વર્જિત માનવામાં આવે છે**

માઘ પૂર્ણિમાના દિવસે દારૂનું સેવન ન કરવું જોઈએ. તદુપરાંત લસણ અને ડુંગળીનું સેવન પણ વર્જિત માનવામાં આવે છે.માઘ પૂર્ણિમાના દિવસે તમારે કોઈની ટીકા ન કરવી જોઈએ. આ સાથે કોઈ પણ વ્યક્તિએ ખરાબ શબ્દો પણ ન બોલવા જોઈએ કારણ કે આ કરવાથી માતા લક્ષ્મી ક્રોધિત થાય છે. પૂર્ણિમાના દિવસે ઘરમાં કોઈપણ પ્રકારનો ઝઘડો અને મતભેદ ટાળવો જોઈએ, કારણ કે ઘરમાં દુઃખ અને દરિદ્રતા આવે છે. માઘ પૂર્ણિમા ધનની દેવી લક્ષ્મીને સમર્પિત છે. આ દિવસે ઘરમાં કોઈપણ પ્રકારની ગંદકી ન રાખવી જોઈએ. સ્વચ્છતા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

**માઘ પૂર્ણિમાનાં દિવસે પૂજા કરવાની પદ્ધતિ**

માઘ પૂર્ણિમાના દિવસે બ્રહ્મ મુહૂર્તમાં ગંગા સ્નાન કરવું જોઈએ. જો ગંગા સ્નાન નથી કરી શકતી તો તમે પાણીમાં ગંગાજળ મિશ્ર કરીને સ્નાન કરી શકો છો. ગંગાના જળમાં સ્નાન કર્યા પછી 'ૐ નમો નારાયણાય' મંત્રનો જાપ સાથે સૂર્યનારાયણને અર્ઘ્ય ચઢાવો. શ્રી હરિ ભગવાન વિષ્ણુને નૈવેદ્ય તરીકે ચરણામૃત, પાન, તલ, કંકુ, ફળ, પુષ્પ, પંચામૃત, સોપારી, દુર્વા અર્પણ કરો. જાણતા-અજાણતા થયેલી ભૂલ માટે ક્ષમા માંગવી, ચંદ્રની સાથે જ પૂર્ણિમાના દિવસે ધનની દેવી લક્ષ્મીની પૂજા કરવી પણ ખૂબ જ ફળદાયી માનવામાં આવે આવે છે.

**માઘ પૂર્ણિમા પર આ વસ્તુઓનું દાન કરવું જોઈએ**

માઘ પૂર્ણિમા સ્નાન પછી ધ્યાન અને જપ કરવાથી શ્રી હરિ ભગવાન વિષ્ણુ પ્રસન્ન થાય છે. આ દિવસે દાન કરવાનું અનેરું મહત્વ છે. માન્યતા છે કે આ દિવસે ગાય, તલ, ગોળ અને ધાબળાનું દાન કરવું શુભ માનવામાં આવે છે. આ સિવાય કપડાં, ગોળ, ઘી, કપાસ, લાડુ, ફળ, અનાજ વગેરે વસ્તુઓનું પણ દાન કરી શકાય છે. દાન ઉપરાંત આ દિવસે પરિવારના સભ્યો સાથે ભગવાન સત્યનારાયણની કથા અવશ્ય સાંભળવી જોઈએ.

**ચંદ્ર અને લક્ષ્મીજીની પૂજાનું મહત્ત્વઃ**

માઘ પૂર્ણિમાના દિવસે ચંદ્ર અને દેવી લક્ષ્મીની પૂજા કરવાનો નિયમ છે. માઘ પૂર્ણિમાની રાત્રે ચંદ્રની પૂજા કરવાથી ચંદ્ર દોષ દૂર થાય છે. આ દિવસે ધન અને કીર્તિની દેવી લક્ષ્મીની પૂજા કરવાની પરંપરા છે..

**માઘ પૂર્ણિમા વ્રત કથાઃ**

પૌરાણિક કથા અનુસાર કાંતિકા નગરમાં ધનેશ્વર નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે ભિક્ષા માંગીને જીવન નિર્વાહ કરતો હતો. બ્રાહ્મણને કોઈ સંતાન ન હતું. એક દિવસ ભિક્ષા માંગતી વખતે લોકોએ બ્રાહ્મણની પત્નીને વાંઝણી કહીને ટોણો માર્યો અને ભિક્ષા આપવાની ના પાડી. આ ઘટનાથી બ્રાહ્મણની પત્નીને ઘણું દુઃખ થયું. ત્યારબાદ કોઈએ તેમને ૧૬ દિવસ સુધી મા કાલીનું પૂજન કરવાનું કહ્યું. બ્રાહ્મણ દંપતીએ ૧૬ દિવસ સુધી નિયમોનું પાલન કરીને પૂજા કરી હતી. દંપતીની પૂજાથી પ્રસન્ન થઈને, મા કાલીએ ૧૬માં દિવસે દર્શન આપ્યા અને બ્રાહ્મણીને ગર્ભવતી થવાનું વરદાન આપ્યું. આ સાથે મા કાલિએ બ્રાહ્મણને દરેક પૂર્ણિમાના દિવસે એક દીવો પ્રગટાવવા કહ્યું. આ સાથે પતિ-પત્ની બંનેને પૂર્ણિમાના વ્રત રાખવાનું કહ્યું. મા કાલિના કહેવા મુજબ, બ્રાહ્મણ દંપતીએ પૂર્ણિમાના દિવસે દીવા પ્રગટાવવાનું શરૂ કર્યું અને ઉપવાસ રાખ્યો. આમ કરવાથી બ્રાહ્મણી ગર્ભવતી થઈ. થોડા સમય પછી બ્રાહ્મણીએ સુંદર પુત્રને જન્મ આપ્યો. બંનેએ પોતાના પુત્રનું નામ દેવદાસ રાખ્યું છે. પણ દેવદાસ અલ્પજીવી હતો. જ્યારે દેવદાસ મોટો થયો, ત્યારે તેને કાશી તેના મામા પાસે ભણવા મોકલવામાં આવ્યો. કાશીમાં, છેતરપિંડી દ્વારા દિવસના લગ્ન થયા, પરંતુ થોડા સમય પછી કાળ તેનો જીવ લેવા આવ્યો, પરંતુ તે દિવસે પૂર્ણિમા હતી અને બ્રાહ્મણ દંપતીએ તેમના પુત્ર માટે ઉપવાસ રાખ્યો હતો. જેના કારણે કાળ બ્રાહ્મણના પુત્રને નુકસાન ન પહોંચાડી શક્યો અને તેના પુત્રને જીવનદાન મળ્યું. આ રીતે પૂર્ણિમાના દિવસે ઉપવાસ કરવાથી ભક્તોને તમામ કષ્ટો અને પરેશાનીઓમાંથી મુક્તિ મળે છે.

**હિન્દુ કેલેન્ડર અનુસાર માઘ પૂર્ણિમાનો શુભ સમયઃ**

માઘ પૂર્ણિમા ૨૦૨૩ સૂર્યોદયઃ ૦૫ ફેબ્રુઆરી સવારે ૦૭:૦૭ વાગ્યે શરુ થશે

માઘ પૂર્ણિમા ૨૦૨૩ સૂર્યાસ્તઃ ૦૫ ફેબ્રુઆરી રાત્રે ૧૧:૫૮ વાગ્યે સમાપ્ત થશે

સર્વાર્થ સિદ્ધિ યોગ સવારે ૦૭:૦૭ થી શરૂ થઈને દિવસના ૧૨:૧૩ સુધી રહેશે.

**રવિ પુષ્ય યોગ ક્યારે સર્જાશે?**

હિન્દુ કેલેન્ડર મુજબ રવિ પુષ્ય યોગ ૫ ફેબ્રુઆરીના રોજ સવારે ૭.૦૭ કલાકે શરૂ થઈ રહ્યો છે, જે બપોરે ૧૨.૧૩ કલાકે સમાપ્ત થશે. આ સાથે જ સર્વાર્થ સિદ્ધિ યોગ પણ રચાઈ રહ્યો છે. આ સાથે સોનામાં સુગંધ ભળી હોય એમ આ દિવસે માઘ પૂર્ણિમા પણ છે.

## સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના સહયોગથી સ્ટેટ લેવલ મશરૂમ કલ્ટીવેશન અંગેનું વર્કશોપ



ગાંધીનગર, તા.૪

તા. ૨ અને ૩ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજમાં ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ ટેકનોલોજી (ગુજકોસ્ટ)ના સહયોગથી સ્ટેટ લેવલનો મશરૂમ કલ્ટીવેશન વિષય પર બે દિવસ વર્કશોપ યોજાયો હતો.

કાર્યક્રમના પ્રથમ દિવસે કોલેજના પ્રિન્સિપાલ ડો રાજી ડેનીસ આમંત્રિત મહેમાનોને આવકાર્યા હતા. ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય મહેમાન ડો. કમલેશ શાહ સાહેબે મશરૂમની ખેતીથી બનતા ફાયદા-ગેરફાયદા અને મશરૂમના ભવિષ્ય વિશે ગહન ચર્ચા કરી હતી. કાર્યક્રમના નિષ્ણાત એવા યશ પઢિયારે મશરૂમ ખેતીથી થતા આર્થિક ફાયદા અને અને મશરૂમ ના બિઝનેસ વિશે વાત વિદ્યાર્થીઓને અવગત કરાવ્યા હતા. કાર્યક્રમના ત્રીજા સેશનમાં નિષ્ણાત ડો. રાકેશ કુમાર જૈમને મશરૂમ કલ્ટીવેશનનું બેઝિક ખ્યાલ તથા મશરૂમ કલ્ટીવેશન કરવાની સરળ અને ઉપયોગી રીત તથા મશરૂમ કલ્ટીવેશનના ભવિષ્ય વિશે વાત કરી હતી. પ્રથમ દિવસના અંતમાં વિદ્યાર્થીઓને મશરૂમ કલ્ટીવેશનનું અનુભવ કરી મશરૂમ ઉગાડવાની રીત જાતે શીખી હતી. કાર્યક્રમના બીજા દિવસે ડો. વિવેક ઉપાસની, પ્રોફેસર એન્ડ હેડ એન્ડ હેડ એમ.જી. સાયન્સ કોલેજ, અમદાવાદ અને દિન્તા વઘાસિયા મશરૂમ એન્ટ્રોપ્રિનોર, અમદાવાદ હાજર રહ્યા હતા. શ્રી વિવેક ઉપાસની સાહેબે માઈક્રોબ્સ શું છે અને મશરૂમ કેવા માઈક્રોબ્સ છે તેની ઝીણવટ ભરી ચર્ચા કરી હતી. ત્યારબાદ મિસિ દીન્તા વઘાસિયાએ મશરૂમ ના પ્રકારો અને મશરૂમની ખેતી કરવાના પોતાના અનુભવોની ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમ સમગ્ર ગુજરાતમાં ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ૧૧૦ જેટલા સ્કૂલના વિદ્યાર્થીઓએ મશરૂમની ખેતીના પ્રદર્શનની મુલાકાત લીધી હતી. સમગ્ર કાઈમ કાર્યક્રમનું સંચાલન અને આયોજન માઈક્રો બાયોલોજીના હેડ ડો. માર્ગી ભટ્ટ, પ્રો હિરલ સુરતી અને પ્રો જસપાલ રાઠોડ કર્યું હતું. ટ્રસ્ટી મહેન્દ્રસિંહ, વાઘેલા, રજીસ્ટ્રાર ડો એમ. ડી. પાંડે, આચાર્ય શ્રી ડો. રાજી ડેનિસ અને વાઈસ પ્રિન્સિપાલ ડો રસિક તન્નાએ અભિનંદન પાઠવ્યા હતા.

## આજે સમદર્શન આશ્રમમાં શ્રી શાહબુદીનભાઈ રાઠોડનું 'જીવન જીવવાની જડીબુટ્ટી' વિશે વક્તવ્ય

ગાંધીનગર, તા.૪



આનંદ અને અધ્યાત્માના પવિત્ર સંગમસમા ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર પદ્મશ્રી શાહબુદીનભાઈ રાઠોડ રવિવાર; તા. ૫ મી ફેબ્રુઆરીએ સાંજે ૪:૦૦ કલાકે ગાંધીનગરના સમદર્શન આશ્રમ, સેક્ટર-૧ માં 'જીવન જીવવાની જડીબુટ્ટી' વિશે વક્તવ્ય આપશે. ગાંધીનગરના સમદર્શન આશ્રમમાં પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના સત્સંગના ૨૫ વર્ષ સંપન્ન થયા છે. સમદર્શન આશ્રમ પરિવાર દ્વારા સત્સંગના રજતજયંતિ વર્ષની 'કૃપાપર્વ' તરીકે આખા વર્ષ દરમિયાન ભાવસભર ઉજવણી કરવાનું આયોજન કરાયું છે. કૃપાપર્વ દરમિયાન વૈવિધ્યસભર લોકોપયોગી કાર્યક્રમોનું આયોજન કરાશે. કૃપાપર્વ અંતર્ગત આવતીકાલ, રવિવાર તા. ૫ મી ફેબ્રુઆરીએ, સાંજે ૪:૦૦ કલાકે સમદર્શન આશ્રમ, સેક્ટર-૧ ના સત્સંગ હોલમાં પદ્મશ્રી શાહબુદીનભાઈ રાઠોડનો કાર્યક્રમ યોજાશે. ગાંધીનગરના સૌ નાગરિકોને 'જીવન જીવવાની જડીબુટ્ટી' નો કાર્યક્રમ માણવા સમદર્શન આશ્રમ પરિવાર તરફથી જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જીઆઈપીએસમાં સહકારી પ્રવૃતિ અંગે વાર્તાલાપ



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ,રાંધેજામાં તા.૦૪-૦૨-૨૦૨૩ ના રોજ હાર્દિકા જાધવ (ઉદયભાન સિંહજી પ્રાદેશિક સહકારી વ્યવસ્થાપન સેકટર -૩૦) દ્વારા વિધાર્થીઓને કો.ઓપરેટીવ સંસ્થા વિશે માહિતગાર કર્યા હતા. જેમાં અમૂલ દૂધ અને લિજ્જત પાપડના ઉદાહરણ દ્વારા જણાવ્યું હતું કે આ સંસ્થાઓ કંપનીને ફાયદો કરાવવા કરતાં જે મજૂર વર્ગ છે. તેમને મદદરૂપ થવામાં સહાય કરે છે અને વિધાર્થીઓમાં ભવિષ્યમાં સહકારી સંસ્થા કેટલી મદદરૂપ થાય છે. તે વિશે માહિતગાર કર્યા હતા માટે શાળાના આચાર્યાએ તેમનો ખૂબ આભાર વ્યકત કર્યો હતો.

## ટેક્વોન્ડો એસોસિએશન દ્વારા સેક્ટર-૩ ખાતે વાર્ષિક યુવા રમતોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૪

આગામી ૧૨ ફેબ્રુઆરી, રવિવારના દિવસે સેક્ટર-૩ ખાતે વાર્ષિક યુવા રમતોત્સવ - ૨૦૨૩નું આયોજન ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ફુગ્ગા ફોડ, લોટ ફૂંક અને લીંબુ ચમચી સ્પર્ધાઓ યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે ફોર્મ ભરીને રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આવનારને આયોજકો દ્વારા પ્રમાણપત્ર તેમજ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને ટ્રોફી આપીને ગૌરવ સાથે સન્માનિત કરવામાં આવશે અને સરકારી મહિલા આઈ.ટી.આઈ ગાંધીનગરના નિવૃત્ત આચાર્ય અશોક ત્રિવેદી, પ્રથમ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન્સ કલબ્સ ઈન્ટરનેશનલ અને જાણીતા ટેક્સ એડવોકેટ હરિશ ત્રિવેદી, મહેતા ગ્રુપ ટ્યુશનના વર્ષા મહેતા અને વર્જિનિટી ડીલ ફિલ્મના અભિનેતા પરાગ પંડ્યા વિશેષ ઉપસ્થિત રહેશે. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને એમના વરદહસ્તે પ્રમાણપત્ર અને મેડલ આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે. ૫ વર્ષથી ૧૫ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે સાથે રજિસ્ટ્રેશન અને વધુ માહિતી માટે પ્લોટ નં. ૧૬૧, સહકાર કોલોની, સેક્ટર-૨૫ સરનામે તથા ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૭૪૦૫૨૬૭૭૨૭ પર સંપર્ક કરીને વહેલા તે પહેલાના ધોરણે રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ સંસ્થા દ્વારા જણાવવામાં આવેલ છે.

## અરિહંત ફાર્મસી એન્ડ બાયોરીસર્સ ઈન્સ્ટી.ખાતે સ્પોર્ટસ વીકનું આયોજન



ગાંધીનગર, તા.૪

અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટયુટ અડાલજ દ્વારા તાજેતરમાં સ્પોર્ટસ વીકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક્રિકેટ, બેડમિંગ્ટન, ટેબલ ટેનિસ, કેરમ, ચેસ, ખો-ખો, ૧૦૦ મીટર દોડ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓ તથા સ્ટાફમિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દરેક રમતમાં વિજેતા પ્રતિસ્પર્ધી તથા ટીમને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરાયા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.ઝાંગડે વિમળાબેન ભાલચંદ્ર ઉ.વ.૮૨, ગાંધીનગર
- સ્વ.વાળંદ કાન્તાબેન હરજીભાઈ ઉ.વ.૭૨, બોરીજ
- સ્વ.ચૌધરી નિરંજના લિગરાજ ઉ.વ.૬૯, વાવોલ
- સ્વ.ઠાકોર પ્રભાતજી જેસંગજી ઉ.વ.૪૭, બોરીજ

## જન્મદિને વધામણી



કુશાંગ શાહ



જય પી. પટેલ



વિશ્વરાજસિંહ ઘનશ્યામસિંહ ચાવડા
મો. ૭૬૯૮૬ ૫૦૦૧૨



જયકુમાર કમલેશભાઈ પટેલ



જૂહી વિપુલ શુકલા
એમ.બી.બી.એસ. સ્ટુડન્ટ



શોભનાબેન શર્મા
મો. ૯૬૨૪૯૧૯૧૯૭



જીયાન્સ જિતેન્દ્રકુમાર પારેખ



રાજેશકુમાર દુલેરા



કેશુભા એમ. ચાવડા
(નિવૃત્ત-એ.એસ.આઈ)

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧